પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૦૬ ૧૮ જાન્યુઆરી, ૨૦૨૦, શનિવાર; પોષ વદ - ૦૯ પાના - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નિર્ભયા કેસના દોષિતોને ૧લી ફેબ્રુઆરીએ ફાંસી

**નવેસરથી ડેથ વોરંટ બાદ પહેલી ફેબ્રુઆરીએ ફાંસીનો આદેશ કરાયો : તિહાર જેલમાં જ સવારે ૬ વાગે ફાંસી અપાશે : વધુ કેટલીક કાયદાકીય ગૂંચવણ આખરે દૂર થઇ**

મુંબઇ, તા.૧૭

સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગરેપ કેસમાં દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે ચારેય અપરાધીઓની સામે નવેસરથી ડેથ વોરંટ જારી કર્યું હતું. આ ગુનેગારોને હવે પહેલી ફેબ્રુઆરીના દિવસે સવારે છ વાગે ફાંસી પર લટકાવવામાં આવશે. ચારેયનો પહેલા ૨૨મી જાન્યુઆરીના દિવસો ફાંસી આપવામાં આવનાર હતી પરંતુ એક દોષિતે દયાની અરજી દાખલ કરી હતી. દયાની અરજી દાખલ



Mukesh Singh Akshay Thakur Vinay Sharma Pawan Gupta

કરાયા બાદ નવી પ્રક્રિયા હેઠળ નવેસરથી ડેથ વોરંટ જારી કરવાની ફરજ પડી છે. આ પહેલા તિહાર જેલના અધિકારીઓએ આજે કોર્ટમાં દોષિતોની સામે મોતની સજા ઉપર ફરીથી ડેથ વોરંટ જારી કરવાની અપીલ કરી હતી. એડિશન સેશન જજ જસ્ટિસ સતીષકુમાર અરોરાએ જેલ વહીવટીતંત્રને કહ્યું હતું કે, નિર્ભયા મામલામાં ચારેય દોષિતો પૈકી મુકેશ કુમારનો દયાની અરજી ફગાવી દેવામાં આવી હોવાની

● અનુસંધાન પાન-૭ પર

## સિરિયલ બોંબ બ્લાસ્ટ કેસમાં અપરાધી ડોક્ટર બોંબ પકડાયો

**જલીસ અન્સારી ઉર્ફે ડોક્ટર બોંબ કાનપુરમાંથી જબ્બે કાનપુર મસ્જિદથી બહાર નિકળતી વેળા કરાયેલી ધરપકડ પ૦થી વધુ જગ્યાઓ પર બોંબ બ્લાસ્ટમાં સીધી સંડોવણી**



નવીદિલ્હી, તા. ૧૭

રાજસ્થાનના જયપુરમાં સિરિયલ બોંબ બ્લાસ્ટના દોષિત જલીસ અન્સારીને કાનપુરમાંથી પકડી લેવામાં આવ્યો છે. અન્સારીને કાનપુરથી લખનૌ લાવવામાં આવ્યો છે. ડીજીપી ઓપી સિંહે કહ્યું છે કે, તે યુપીના રસ્તે નેપાળ ફરાર થઇ જવાના પ્રયાસમાં હતો. કાનપુરમાં એક મસ્જિદમાંથી બહાર નિકળતી વેળા તેની ધરપકડ કરી લેવામાં આવી છે. પોતાની પેરોલ ખતમ થયા બાદ તે લાપત્તા થઇ ગયો હતો. અજમેર જેલમાં આજીવન કારાવાસની સજા આ શખ્સ ભોગવી રહ્યો હતો. અન્સારીનું નામ દેશના જુદા જુદા ભાગોમાં પ૦થી વધારે બ્લાસ્ટમાં હતું જેથી તેને ડોક્ટર બોંબ તરીકે પણ કહેવામાં આવતો હતો.

ડીજીપીએ કહ્યું છે કે, અન્સારીની હવે એટીએફ દ્વારા પણ પુછપરછ કરવામાં આવનાર છે. અન્સારી પ્રોફેશનથી ડોક્ટર છે. સૌથી પહેલા રાજધાની એક્સપ્રેસમાં બોંબ રાખવાના આરોપમાં સીબીઆઈ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી. જલીસ ઉપર સૌથી મોટો આક્ષેપ રાજસ્થાનની પાંચ જગ્યા પર પાંચ અને છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૩ના દિવસે બ્લાસ્ટ કરવાનો આક્ષેપ હતો. આના માટે તે અજમેરની જેલમાં હાલ હવા ખાઈ રહ્યો હતો.

## દેશની કોઈપણ રાજ્ય સરકાર બંધારણથી ઉપર નથી : મુરલીધર

**પંજાબમાં પણ પ્રસ્તાવ પાસ કરાયો : કોર્ટ કચેરીમાં કેસ દાખલ કરીને પ્રજાના પૈસા બગાડવા ન જોઇએ : નાગરિક કાનૂનને લઇને કેરળમાં પ્રસ્તાવ પસાર**

નવીદિલ્હી, તા. ૧૭

કેરળ વિધાનસભામાં રાજ્ય સરકાર તરફથી નાગરિક સુધારા કાનૂનના વિરોધમાં પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યા બાદ કેન્દ્રીય મંત્રી મુરલીધરે સીધો પ્રહાર કર્યો છે. કેરળથી આવનાર વિદેશ રાજ્યમંત્રીએ કહ્યું છે કે, કેરળની સરકારને એક બાબત સમજી લેવી જોઈએ કે, તે કોઈ કાનૂનથી ઉપર નથી. બંધારણથી પણ ઉપર નથી. સરકારોને આ પ્રકારના મામલા પર પ્રસ્તાવ પસાર કરવા અથવા તો કોર્ટમાં કેસ દાખલ કરવા પર પ્રજાના પૈસાની બરબાદી કરવી જોઈએ નહીં. આ પહેલા પ્રદેશના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાને પણ કેરળ સરકારને નાગરિક સુધારા કાનૂન પર નિર્ણયને લઈને ટીકા કરી હતી. વિધાનસભામાં પ્રસ્તાવ પાસ કરીને એક્ટને પ્રદેશમાં ન લાગૂ કરવાના નિર્ણય પર પ્રહાર કરતા આરીફે કહ્યું હતું કે, જનતાના પૈસા બગાડવામાં આવી રહ્યા છે. કેરળ સરકારે પ્રસ્તાવ પાસ કરવાને લઈને અનેક રાષ્ટ્રીય અખબારોની પણ વાત કરી હતી.

## બજેટ પૂર્વે યુએનએ ભારતનો જીડીપી ઘટાડી ૫.૭ % કર્યો

**વૈશ્વિક વિકાસ દર પણ ૧૦ વર્ષની નીચી સપાટીએ રહે તેવી શક્યતા : યુએન રિપોર્ટ**

ન્યૂયોર્ક,તા.૧૭

હવે સંયુક્ત રાષ્ટ્ર સંઘએ ભારતના જીડીપી ગ્રોથ અનુમાનને ઘટાડી દીધુ છે. યુએનએ કહ્યું કે વર્તમાન નાણાકીય વર્ષમાં ભારતનો આર્થિક વૃદ્ધિ દર ૫.૭ ટકા રહી શકે છે. આ પહેલા વર્લ્ડ બેંક જેવી કેટલીક આંતરરાષ્ટ્રીય એજન્સીઓ ભારતના જીડીપી ગ્રોથના અનુમાનને ઘટાડી ચુકી છે.

સંયુક્ત રાષ્ટ્રે પોતાના પૂર્વના અનુમાનને ઘટાડી દીધુ છે. ગત વર્ષે યુએને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૭.૬ ટકા જીડીપી ગ્રોથનું અનુમાન લગાવ્યુ હતું. ભારત સરકારના કેન્દ્રીય સ્ટેટેસ્ટિક કાર્યાલય અને વર્લ્ડ બેંકે માત્ર ૫ ટકા જીડીપી ગ્રોથ રાખવાનું અનુમાન જાહેર કર્યુ છે.

નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતમાં ૬.૮ ટકા જીડીપી વૃદ્ધિ થઈ હતી. સંયુક્ત રાષ્ટ્રના એક અધ્યયનમાં કહેવામાં આવ્યુ છે કે કેટલાક અન્ય ઉભરતા દેશોમાં જીડીપી વૃદ્ધિ દરમાં આ વર્ષે કેટલીક તેજી આવી શકે છે. દરમ્યાનમાં કેન્દ્ર સરકારનું આગામી બજેટ તૈયાર થઈ રહ્યું છે અને ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ થાય તે દરમ્યાન સંયુક્ત રાષ્ટ્ર સંઘનો આ અંદાજ કેન્દ્રીય બજેટ પર અસર કરી તેમ હોવાનું ચર્ચાઇ રહ્યું છે. ગત વર્ષે વૈશ્વિક આર્થિક વૃદ્ધિ દર સૌથી ઓછો ૨.૩ ટકા રહ્યા બાદ સંયુક્ત રાષ્ટ્રે આ વાત કહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી ચૂંટણી માટે ભાજપ દ્વારા ૫૭ ઉમેદવારો જાહેર

નવી દિલ્હી, તા.૧૭

ભારતીય જનતા પાર્ટીએ વિધાનસભા ચૂંટણી માટે ૫૭ ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. દિલ્હી ભાજપના અધ્યક્ષ મનોજ તિવારી દ્વારા ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી હતી. આ ૫૭ ઉમેદવાર પૈકી ૧૧ ઉમેદવાર એસસી ઉમેદવાર છે. ચાર મહિલાઓને પણ ટિકિટ આપવામાં આવી છે. બાકીના ઉમેદવારોના નામની જાહેરાત ટૂંક સમયમાં જ કરવામાં આવશે.

મનોજ તિવારીએ કહ્યું હતું કે, પાર્ટી પ્રમુખ અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં નામ પર મંજુરીની મહોર લાગી હતી. નવી દિલ્હી સીટ પર ઉમેદવારના નામની જાહેરાત હજુ સુધી કરી નથી. સિસોદિયાની સામે રવિ નેગી ઉમેદવાર તરીકે રહેશે. મનોજ તિવારીએ કહ્યું હતું કે, ગુરુવારના દિવસે કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. દિલ્હી વિધાનસભામાં કુલ ૭૦ સીટો છે.

## ઈસરોએ શક્તિશાળી જીસેટ-૩૦ ઉપગ્રહ લોંચ કરી ઈતિહાસ રચ્યો

**૫-જીની તૈયારીઓ શરૂ: ઇન્ટરનેટની સ્પીડ વધશે : સંદેશવ્યવહાર ક્ષેત્રે ધરખમ સુધારા થશે : ૧૫ વર્ષ સુધી કામ કરશે**



કૌરો,તા.૧૭

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનનો સંચાર ઉપગ્રહ (કમ્યુનિકેશન સેટેલાઈટ) જીસેટ-૩૦ને શુક્રવારે સવારે યુરોપિયન અંતરિક્ષ એજન્સીથી સફતાપૂર્વક લોન્ચ કર્યો છે. તેને ભારતીય સમયાનુંસાર ૨ વાગ્યેને ૩૫ મિનિટે એરિયન-૫ રોકેટ દ્વારા રવાના કરાયો છે. નોંધનીય છે કે જીસેટ-૩૦ કમ્યુનિકેશન સેટેલાઈટ ઈનસેટ-૪એની જગ્યા લેશે, જેને વર્ષ ૨૦૦૫માં લોન્ચ કરવામાં આવતો હતો. આ ભારતીય ટેલિકમ્યુનિકેશન સેવાઓને સારી બનાવવામાં મદદરુપ બનશે.

જીસેટ-૩૦ સેટેલાઈટ સક્ષિણ અમેરિકાના ઉત્તર-પૂર્વ બેટ પર કૌરોના એરિયન લોન્ચિંગ સ્ટેશન પરથી લોન્ચ કરાયો છે. આ ભારતનો ૪૨મો એવો સેટેલાઈટ છે, જેને એરિયનસ્પેસના એરિયન

● અનુસંધાન પાન-૭ પર

## ચીન ટ્રેડવોરમાં ધોવાયું : જીડીપી ૩ દાયકાને તળિયે

બેઈજિંગ,તા.૧૭

અમેરિકા અને ચીન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા ટ્રેડ વોરને પગલે ચીનને મોટું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. ચીનમાં ગ્રાહક માંગ ઘટી ગઈ, જેને પગલે ૨૦૧૯માં જીડીપીની રફતાર છેલ્લા ત્રણ દાયકાના સૌથી નિચલા સ્તર પર પહોંચી ગઈ છે. ૩૦ વર્ષમાં પ્રથમ વખત ચીનનો જીડીપી માત્ર ૬.૧ ટકાની ગતિએ આગળ વધ્યો છે.

શુક્રવારે જાહેર કરવામાં આવેલા સરકારી આંકડા અનુસાર, વર્ષ ૨૦૧૯માં જીડીપીનો દર ૨૦૧૮ના ૬.૬ ટકાથી પણ નીચે આવી ગયો, જે ૧૯૯૦ પછીનો સૌથી ન્યૂનતમ સ્તર છે. ડિસેમ્બર મહિનામાં પૂર્ણ થયેલા ત્રિમાસિકગાળા માટે ગ્રોથની રફતાર ૬ ટકા પર રહી છે. ચીનના ટ્રેડ સરપ્લસ અને ટેક્નોલોજી સાથે જોડાયેલા હિતોને લઈને ચીન અને

● અનુસંધાન પાન-૭ પર

## જમ્મુ કશ્મીર એરપોર્ટની સુરક્ષા હવે CISF કરશે

ન્યુ દિલ્હી/શ્રીનગર,તા.૧૭

જમ્મુ કશ્મીર એરપોર્ટની સુરક્ષા હવે પછી સીઆઈએસએફ કરશે એવો મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જમ્મુ કશ્મીર પોલીસના ડીએસપી દેવીન્દર સિંઘ આતંકવાદીઓ સાથે ભળેલા હતા એવી ચોંકાવનારી હકીકતો પ્રકાશમાં આવી અને દેવીન્દરની ધરપકડ કરવામાં આવી ત્યારબાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.


Rudralife®
World's leading authority on Rudraksha
Presents
Rudraksha
24th ગુજરાત રુદ્રાક્ષ મહોત્સવ
એક્ઝિબિશન કમ સેલ GANDHINAGAR
એક્સપર્ટ પેનલ દ્વારા આપનાં જન્મ/વ્યવસાય/સામાજીક અને આધ્યાત્મિક પરિમાણોનાં અવલોકનથી રૂદ્રાક્ષ અંગેનું ફ્રી માર્ગદર્શન...
સરસ્વતિ બંધ® (વિદ્યાર્થીઓ માટે)
સ્વાસ્થ્ય બંધ® (સ્વાસ્થ્ય માટે)
સૂર્ય શક્તિ™ (નામ અને સફળતા માટે)
આગ્યાચક્ર™ (ધંધાદારીઓ માટે)
ગાંધીનગર
પથીક આશ્રમ (કોર્પોરેટ હૉલ), જી.એચ.-૩ સર્કલ, સેક્ટર-૨
18th to 22nd જાન્યુઆરી
Timing: 10 am to 8 pm (Sunday Open)
સંપર્ક - 9619139920
Follow us:
www.rudralife.com
Rudralifeની વિશેષતાઓ
• 'રૂદ્રલાઈફ' ભારતભરના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ મિડીયામાં સૌથી વધુ પ્રચાર પામેલી સંસ્થા છે.
• ભારત અને વિદેશોમાં 900 થી વધારે સફળ પ્રદર્શનનું આયોજન • ISO 9001 : 2015 પ્રમાણીત પ્રયોગશાળામાં પરીક્ષણ કરીને અસલી અને ગુણવત્તાવાળા રૂદ્રાક્ષ પ્રદાન કરવાવાળી એકમાત્ર સંસ્થા



આશ્કા હોસ્પિટલ આયોજીત
ફ્રી સુપરસ્પેશિયાલિટી નિદાન કેમ્પ
તારીખ: ૧૯/૦૧/૨૦૨૦,રવિવાર સમય: સવારે ૯/૦૦ થી બપોરે ૨/૦૦ સુધી
એડવાન્સ રજીસ્ટ્રેશન જરૂરી
કેમ્પમાં સજેસ્ટ કરેલા રેડીઓલોજી / પેથોલોજી ટેસ્ટ પર ૨૦% ડિસ્કાઉન્ટ

ઓબેસિટી (મેદસ્વીતા /સ્થૂળતા / જાડાપણું) ડૉ.દુષ્યંત ભટ્ટ
• મેદસ્વીતા મટાડવા માટે બેરિયાટ્રિક સર્જરી
• બાળકો માં વધતી મેદસ્વીતા, વજન વધવું
• મોટાપાના કારણે થતી ગંભીર બીમારીઓ (બ્લડપ્રેસર, વંધ્યત્વ, ઢીંચણનો દુખાવો, સ્લીપ એપ્નીયા, શ્વાસની તકલીફ)

સર્જરી ડૉ.દેવેન્દ્ર પટેલ
• ગેસ ને લગતા / પેટ ના દર્દો ની સારવાર
• એપેન્ડીક્સ, પિત્તાશય, હર્નીયા ની સારવાર
• પથરી, પ્રોસ્ટેટ, તથા પેશાબના દર્દોની સારવાર
• જુની કબજીયાત
• હરસ, મસા, ભગંદરની સારવાર

કાર્ડિયાક ડૉ.હસિત જોષી ડૉ.અભિમન્યુ કોઠારી
• છાતી માં દુખાવો
• હાફ ચડવી, થાક લાગવો
• હાઈ બ્લડ પ્રેશર, હાઈ કોલેસ્ટ્રોલ
• ઈ.સી.જી માં બદલાવ
• એન્જીયોગ્રાફી / પ્લાસ્ટી ની સલાહ આપેલી હોય

ન્યુરો સર્જન ડૉ.રવિ ખેતાન
• મગજ ની તકલીફ
• મણકા / કમર નો દુખાવો
• લકવાની સારવાર
• ભૂલી જવાની તકલીફ
• બાળકો માં મગજ / કમર ની તકલીફ

ઓર્થોપેડીક ડૉ.ધવલ ગોસ્વામી
• ઢીચણ નો દુખાવો
• કમર નો દુખાવો
• હીપ જોઈન્ટ / ની જોઈન્ટ રિપ્લેસમેન્ટ
• સાંધાના ઓપરેશન
• ઘૂંટણના સાંધાના ઓપરેશન કરાવ્યા બાદનો દુખાવો

રેસ્પીરેટ્રી (શ્વાસના રોગો) ડૉ.ઋષિ પટેલ
• અસ્થમા
• રાત્રે ખાંસી આવવી
• એલર્જી
• હાફ ચડવી
• શ્વાસ લેતી વખતે અવાજ થવો

પીડીયાટ્રીક & નીઓનેટ ડૉ.નિરવ પોટાના ડૉ.મૌલિક કાપડીયા
• તાવ ને લગતા રોગો
• શ્વાસ અને હૃદય ને લગતા રોગો
• બાળક ના વિકાસ ને લગતા રોગો
• લાંબા સમય થી શરદી, ખાંસી
• ખેંચ-વાઈ, આંચકી, મગજ માં પાણી ભરાવું, મગજ નો ટી.બી.

ડેન્ટલ ડૉ.વૃત્તિ શાહ
• વાંકા ચુકા દાંત ની સારવાર
• દાંત નો સડો અટકાવી રુટકેનાલ
• ડેન્ટલ ઇમ્પ્લાન્ટ
• દાંત ના ચોકઠાં બનાવવા
• તમાકુ ના ડાઘ દૂર કરવા

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : ૦૭૯ - ૨૯૭૫૦૭૫૦, ૭૫૭૫૦૦૯૦૦૦ / ૬૦૦૦
aashka HOSPITAL
સરગાસણ થી રિલાયન્સ ક્રોસ રોડ ની વચ્ચે સરગાસણ ગાંધીનગર - ૩૮૨૪૨૧.